બુંદેલાવાડમાં ત્રીજા માળેથી ડોકિયું કાઢવા જતાં પટકાયેલી બાળકીનું મોત

સુરતઃ ભાગળ ખાતે આવેલ બુંદેલાવાડમાં મોહંમદ અફઝલ શેખ સિલાઈ કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમના ઘરમાં ત્રીજા માળે લોખંડની બારી કાઢીને એલ્યુમિનિયમની બારી લગાવવાનું કામ ચાલી રહ્યું હતું અને બાળકો રમી રહ્યા હતાં. જ્યારે કારીગર બારીના રિપેરિંગ માટેનો સામાન લેવા બહાર ગયો હતો. તે સમયે અફઝલભાઇની 10 વર્ષ પુત્રી અક્સા બારીમાંથી ડોકિયું કાઢવા ગઇ હતી. તે સમયે તેનું સંતુલન બગડી જતાં તે નીચે પટકાઇ હતી. તેને સારવાર માટે મસ્કતી હોસ્પિટલમાં ખસેડાઇ હતી. ત્યાંથી વધુ સારવાર માટે સ્મીમેરમાં ખસેડાઇ હતી પરંતુ તે બચી શકી ન હતી.

કાપોદ્રામાં પેથોલોજી લેબોરેટરીમાંથી રૂ. ૨૦ હજારની ચોરી

સુરતઃકાપોદ્રા મુરઘા કેન્દ્ર પાસે આવેલી એક જાણીતી પેથોલોજી લેબોરેટરીને નિશાન બનાવી બે અજાણ્યા ચોર ઈસમો ઓફિસના ડ્રોવરનું લોક તોડી તેમાંથી રૂ. ૨૦,૦૦૦/- ની રોકડ રકમ ચોરી કરી નાસી છૂટ્યા હતાં પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરુ કરી છે.

મૂળ ભાવનગર જિલ્લાના પાલીતાણાના વતની અને હાલ યોગીચોક, સરથાણા ખાતે રહેતા નિકુંજભાઈ મનસુખભાઈ વેકરિયા (ઉ.વ. ૨૭) કાપોદ્રા વિસ્તારમાં મુરઘા કેન્દ્ર પાસે આવેલા વડવાળા કોમ્પલેક્સમાં લેબોરેટરી ચલાવે છે. ગઇ તારીખ ૧૩ મેના રોજ રાત્રે ૨:૧૦ વાગ્યાના અરસામાં ૨૦ થી ૨૫ વર્ષની ઉંમરના બે અજાણ્યા ચોર ઈસમોએ લેબોરેટરીનું શટર ઊંચુ કરી ઘૂસતા કેમેરામાં કેદ થયા છે.

ઉધનામાં આર્થિક સંકડામણમાં યુવકે ફાંસો ખાઈને આપઘાત કર્યો

સુરતઃમૂળ મહારાષ્ટ્ર જલગાંવના વતની રમાકાંત કૌતિકભાઈ ઠાકોર (43 વર્ષ) હાલમાં ઉધના BRC પ્રભુનગરમાં આવેલી ઠાકોરભાઈની ચાલમાં રહેતા હતા અને કપડાંને પ્રેસ કરવાનું કામ કરતા હતા. ગઇકાલે રાત્રે તેમણે ઘરમાં ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં તેમણે આર્થિક સંકડામણમાં આપઘાતનું પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું.

વરાછામાં આર્થિક સંકડામણમાં શ્રમજીવી યુવકે ફાંસો ખાધો

સુરતઃ વરાછામાં આર્થિક સંકડામણમાં શ્રમજીવી યુવકે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. વરાછા વિસ્તારમાં આવેલ ખાડી મહોલ્લોમાં 34 વર્ષીય કિશન ચંદુભાઈ પટેલ મિત્ર સાથે રહેતો હતો અને મજૂરી કામ કરતો હતો. ગુરુવારે ફાંસો ખાઈને લીધો હતો. જેની જાણ થતાં મિત્રએ તેને નીચે ઉતારી સારવાર માટે સ્મીમેરમાં ખસેડ્યો હતો. જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.

ઉધના-મધુબની વચ્ચે સ્પેશિયલ ટ્રેન 4 ફેરા મારશે

સુરતઃપશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેના દ્વારા આપવામાં આવેલી વિગતો મુજબ, ટ્રેન સંખ્યા 09045/09046 ઉધના-મધુબની સ્પેશિયલ ટ્રેન કુલ 4 ફેરા મારશે. આ અંતર્ગત, ઉધનાથી મધુબની જતી સ્પેશિયલ ટ્રેન (09045) આગામી 07 જૂન અને 14 જૂન, 2026ના રોજ રવિવારે ઉધનાથી રાત્રે 01:30 કલાકે ઉપડશે અને બીજા દિવસે બપોરે 16:15 કલાકે મધુબની પહોંચશે. તેવી જ રીતે, મધુબનીથી ઉધના આવતી સ્પેશિયલ ટ્રેન (09046) 08 જૂન અને 15 જૂન, 2026ના રોજ સોમવારે મધુબનીથી સાંજે 18:15 કલાકે ઉપડશે અને બુધવારે બપોરે 13:15 કલાકે ઉધના પહોંચશે. ટ્રેનમાં એસી, સ્લીપર અને જનરલ સેકન્ડ ક્લાસ કોચની સુવિધા ઉપલબ્ધ રહેશે.

ફેમિલી કોર્ટને પણ મગદલ્લા ખાતે ખસેડવામાં આવશે

એક જ સંકુલમાં તમામ અદાલતો લાવવાનો પ્રયાસ

સુરતઃ મગદલ્લાને સુરતના નવા “ન્યાય મંદિર વિસ્તાર” તરીકે વિકસે તેવી શક્યતા છે. અગાઉ ફેમેલી કોર્ટને પાલ વિસ્તારમાં ખસેડવાની વિચારણા કરવામાં આવી હતી. જોકે પાલ વિસ્તારમાં સરકારી ક્વાર્ટર્સ બનાવવા અંગેનું આયોજન હાથ ધરાતા હવે ફેમેલી કોર્ટ માટે મગદલ્લાનું સ્થાન અંતિમ ગણવામાં આવી રહ્યું છે. મળતી માહિતી મુજબ અઠવાગેટ ખાતે હાલ કાર્યરત ફેમેલી કોર્ટની જગ્યાએ ભવિષ્યમાં સરકારી ક્વાર્ટર્સ બનાવવાની યોજના છે. જેથી શહેરના વિવિધ વિસ્તારોમાં વિખેરાયેલી કોર્ટોને એક જ વિશાળ સંકુલમાં લાવવાની દિશામાં તંત્ર આગળ વધી રહ્યું છે.નવી યોજના અંતર્ગત તમામ કોર્ટોને મગદલ્લા ખાતે એક જ વિશાળ સંકુલમાં લાવવામાં આવશે.

સુરત જિલ્લા અદાલતનો ઈતિહાસ 1817થી શરૂ

ઉપલબ્ધ રેકોર્ડ મુજબ સુરતની જિલ્લા અદાલત વર્ષ 1817માં અસ્તિત્વમાં આવી હતી. તે સમયનું જૂનું કોર્ટ બિલ્ડિંગ કલેક્ટર કચેરી નજીક બહુમાળી બિલ્ડિંગ વિસ્તારમાં આવેલું હતું. પછી સમય જતાં સુરતમાં જિલ્લા અદાલત અને ગૌણ અદાલતો માટે અલગ-અલગ કોર્ટ સંકુલ ઉભા કરવામાં આવ્યા હતા. હાલમાં સુરતના અઠવાલાઈન્સ વિસ્તારમાં ડિસ્ટ્રિક્ટ કોર્ટ બિલ્ડિંગ અને ફાસ્ટ ટ્રેક કોર્ટ બિલ્ડિંગ કાર્યરત છે.

2014માં નવા બિલ્ડિંગનું ઉદઘાટન

સુરતની નવનિર્મિત ડિસ્ટ્રિક્ટ કોર્ટ બિલ્ડિંગનું ઉદ્ઘાટન 7 ડિસેમ્બર, 2014ના રોજ કરવામાં આવ્યું હતું. જોકે છેલ્લા કેટલાક વર્ષોમાં સુરત શહેરની વસતી અને કેસોની સંખ્યામાં ભારે વધારો થતા હાલનું પરિસર ફરી નાનું પડવા લાગ્યું છે.

2005માં ફાસ્ટ ટ્રેક કોર્ટ બિલ્ડિંગનું નિર્માણ

સુરતમાં વધતા કેસો અને ન્યાયિક કામગીરીના ભારને ધ્યાનમાં રાખી વર્ષ 2005માં ફાસ્ટ ટ્રેક કોર્ટ બિલ્ડિંગનું નિર્માણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પણ કોર્ટોમાં કેસોની સંખ્યા અને સ્ટાફ વધતા જગ્યા અપૂરતી બનતી ગઈ હતી.

ઉધના ઝોનનો લાંચિયો જીગ્નેશ મોદી જેલમાં ધકેલાયો

સુરતઃ પાણીની પાઇપના કોન્ટ્રાક્ટર પાસેથી લાંચ માંગનાર ઉધના ઝોનના પાણી વિભાગનો લાંચિયા જીગ્નેશ મોદીના આજે પોલીસ રિમાન્ડ આજે પૂરા થયા હતાં. તેને પોલીસે સ્પેશિયલ કોર્ટમાં રજૂ કર્યો હતો. કોર્ટે તેને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપ્યો હતો. એસીબી પોલીસે ગત બુધવારના રોજ ઉધના ઝોનની ઓફિસે છટકું ગોઠવી આસિસ્ટન્ટ ઇજનેર તરીકે નોકરી કરતાં જિજ્ઞેશ નટવરલાલ મોદીને લાંચ લેતા ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી. એસીબીએ આરોપીને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવ્યા હતાં. આજે તેના રિમાન્ડ પૂરા થતાં કોર્ટમાં રજૂ કરાયો હતો. એસીબી તરફથી વધુ રિમાન્ડની માંગણી નહીં કરાતાં કોર્ટે આરોપીને જેલ કસ્ટડીનાં હવાલે કર્યો હતો.

અડાજણની અમીધારા વાડીની સામે બે સગાભાઇને ચપ્પુના ઘા મરાયા

દોઢ મહિના પહેલા ભાઠાની ગ્રીન સોસાયટીમાં રહેતો યુવાન પ્રેમિકાને અન્ય સાથે વાત કરતાં જોઇ ગયો હતો

તે સમયે ઝઘડો થતાં અમીધારા વાડી પાસે સમાધાન માટે બોલાવી ચપ્પુથી હુમલો કરી દીધો

સુરતઃ અડાજણમાં યુવતી સાથેના પ્રેમ સંબંધ બાબતે સમાધાનની વાતચીત કરવા એકઠા થયેલા યુવકો વચ્ચે મામલો બિચકતાં, બે શખ્સોએ બે સગા ભાઈઓ પર ચપ્પુ વડે આડેધડ ઘા ઝીંકી દીધા હતા. ભાઠા સ્થિત ગ્રીનસિટી રેસિડેન્સીમાં રહેતા ૨૪ વર્ષીય તૃષાંગ હિરેનભાઈ જરીવાલાએ અડાજણ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ અનુસાર, તેને શિખા બુંદેલા સાથે તેમને એક વર્ષથી પ્રેમ સંબંધ હતો. દરમિયાન ગઇ તારીખ ૧૩ એપ્રિલના રોજ તેમણે અડાજણ ડી-માર્ટ સર્કલ પાસે શિખાને શુભ તમાકુવાલા સાથે જોઈ લીધી હતી. તે બાબતે બંને વચ્ચે બોલાચાલી થઇ હતી. ત્યારબાદ ગઇ તારીખ ૩ જૂનના રોજ તૃષાંગના મોટાભાઇ અભિષેક પર વિનય ઉર્ફે વિનીનો ફોન આવ્યો હતો. તેણે તેમને જણાવ્યું હતું કે, તે શુભ તમાકુવાલાનો ભાગીદાર છે અને યુવતી બાબતે થયેલા ઝઘડાના સમાધાન માટે તેમને મળવા માંગે છે. જેથી ફરિયાદી તૃષાંગ તેમના મોટાભાઇ સાથએ રાત્રે અગિયાર વાગ્યે અડાજણની અમીધારાવાડી પાસે આવેલી સમર્પણ સોસાયટીના ગેટ પર ગયા હતા. તે સમયે ત્યાં વિનય ઉર્ફે વિની અને તેની સાથે નરેશ નામનો શખ્સ સ્વિફ્ટ ફોર વ્હીલર ગાડી લઈને ત્યાં આવી પહોંચ્યા હતા.

આ બંનેએ તૃષાંગ સાથે ઝઘડો શરૂ કર્યો હતો અને નરેશે તેના સાથળ પર ચપ્પુ મારી દીધું હતું તેને બચાવવા તેનો મોટોભાઇ અભિષેક વચ્ચે પડતાં નરેશે તેને પણ પેટમાં ચપ્પુ મારી દીધું હતું. બંનેને લોહીલુહાણ હાલતમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. આ મામલે અડાજણ પોલીસે પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી નરેશ રમેશભાઇ મોઢવાણી, (ઉ.વ-૩૩, ધંધો-ડ્રાઈવીંગ હાલ રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ કોલોની,પાલનપુર પાટીયા રાંદેર, મુળ નરોડા) ને પકડી લીધો છે.

PMની સુરક્ષામાં તૈનાત TRB જવાને રીલ બનાવતા ડિસમિસ

વિડીયો વાયરલ થતાં ઓળખપત્ર લઇ સરકારી સાધનો જમા લેવાયાં

સુરતઃ દેશની સૌથી સંવેદનશીલ ગણાતી પીએમની સુરક્ષા વ્યવસ્થામાં હોવા છતાં રીલ બનાવી ફરતી કરનાર ટીઆરબી જવાનને સસ્પેન્ડ કરી દેવાયો છે. સુરત ટ્રાફિક શાખા, રીજીયન-૨ ખાતે ફરજ બજાવતા ટી.આર.બી. જવાન પ્રભાતસિંહ ખુમાનસિંહ ગોરનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. ગંભીર બાબત એ હતી કે આ પાસની અંદર જવાનનો ફોટો કે નામ સહિતની કોઈ વિગતો જ નહોતી. પીએમ જેવા અતિ મહત્વના બંદોબસ્તમાં આવા બ્લેન્ક પાસ સાથે ફરજ બચાવતો દેખાતા ભારે હોબાળો મચ્યો હતો. આ ઘટના ધ્યાનમાં આવતા જ આ અંગે તપાસ હાથ ધરી અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. તપાસમાં સ્પષ્ટ થયું હતું કે, જવાન પ્રભાતસિંહે પોતાની અત્યંત સંવેદનશીલ અને જવાબદારીપૂર્વકની ફરજ દરમિયાન સ્થળ પર જ મોબાઈલનો ઉપયોગ કરીને ઈન્સ્ટાગ્રામ રીલ્સ બનાવી હતી. આ કૃત્ય પોલીસ દળની પ્રતિષ્ઠાને મોટું નુકસાન પહોંચાડે તેવું અને નિર્ધારિત નિયમોનો ઉલ્લંઘન કરનારું સાબિત થયું હતું. પોલીસ વિભાગની છબી વધુ ન ખરડાય અને ફરજ પરના અન્ય કર્મચારીઓ પર તેની નકારાત્મક અસર ન પડે તે માટે ટી.આર.બી. જવાન પ્રભાતસિંહ ખુમાનસિંહ ગોરને ડીસમીસ કરી તેને અપાયેલા સાધનો અને ઓળખપત્ર પણ જમા લઈ લેવામાં આવ્યા હતાં.

સુરતમાં પ્રિમોન્સૂન માહોલ જામતા વાદળછાયું વાતાવરણ

દક્ષિણ-પશ્ચિમના પવન વચ્ચે તાપમાન તાપમાન ૩૬ ડિગ્રી સુધી પહોંચ્યું

સુરતઃ સુરત શહેરમાં આજે ગરમી અને ભેજ વચ્ચે પ્રિમોન્સૂન માહોલ વધુ સક્રિય બનતો જોવા મળ્યો હતો. શહેરમાં મહત્તમ તાપમાન અડધો ડિગ્રી વધીને ૩૬ ડિગ્રી નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન પણ આંશિક વધીને ૨૮.૭ ડિગ્રી સુધી પહોંચ્યું હતું. હવામાં ૬૬ ટકા ભેજનું પ્રમાણ નોંધાતા લોકોને બફારાનો અનુભવ થયો હતો.

હવામાન વિભાગના આંકડા મુજબ આજે શહેરમાં ૧૪ કિમી પ્રતિ કલાકની ઝડપે દક્ષિણ-પશ્ચિમ દિશાનો પવન ફૂંકાયો હતો. પવનની દિશા અને ગતિને કારણે શહેરમાં વાદળછાયું વાતાવરણ સર્જાયું હતું, જેના કારણે બપોર બાદ ગરમી વચ્ચે પણ થોડો રાહતનો અનુભવ થયો હતો. કેરળ સુધી ચોમાસાનું સત્તાવાર આગમન થઈ ચૂક્યું હોવાથી હવે ગુજરાત તરફ ચોમાસું આગળ વધે તેની રાહ જોવાઈ રહી છે. હવામાનમાં આવેલા ફેરફારો અને દક્ષિણ-પશ્ચિમના પવનોને કારણે સુરત શહેરમાં પણ મોન્સૂન પૂર્વની સ્થિતિ સ્પષ્ટ જોવા મળી રહી છે. શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી વાદળછાયું વાતાવરણ, ભેજનું વધતું પ્રમાણ અને પવનની ગતિને કારણે લોકોમાં ચોમાસાના વહેલા આગમનની આશા જાગી છે. ખાસ કરીને બપોર પછી આકાશમાં વાદળોની અવરજવર વધતા લોકોમાં વરસાદ અંગે ઉત્સુકતા જોવા મળી રહી છે. હવામાન નિષ્ણાતોના મતે આગામી દિવસોમાં પ્રિમોન્સૂન એક્ટિવિટી વધુ સક્રિય બનવાની શક્યતા છે.

સિવિલની ફિઝિયો કોલેજનાં આચાર્યા ચાવી લઈને જ રજા પર ગયાં

ઇનચાર્જ પ્રિન્સિપલ ઓફિસમાં પહોંચ્યા ત્યારે તાળું લટકતું હતું પણ ચાવી નહીં મળી

સુરતઃ સુરત નવી સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં આવેલી સરકારી ફિઝીયોથેરાપી કોલેજમાં વહીવટી બેદરકારીનો ચર્ચાસ્પદ કિસ્સો સામે આવ્યો છે. કોલેજના પ્રિન્સિપાલ થોડા દિવસોની રજા પર જતાં પહેલાં કોલેજનો ચાર્જ અન્ય એક પ્રોફેસરને સોંપીને ગયા હતા, પરંતુ ઓફિસની ચાવી આપવાનું જ ભૂલી જતા સમગ્ર કોલેજમાં ગૂંચવણભરી સ્થિતિ સર્જાઈ છે.ચાર્જ સંભાળનાર પ્રોફેસર જ્યારે પ્રિન્સિપાલની ઓફિસે પહોંચ્યા ત્યારે ઓફિસ પર તાળું લટકતું જોવા મળ્યું હતું. ઓફિસની ચાવી ક્યાં છે તેની શોધખોળ શરૂ કરવામાં આવી, પરંતુ કોલેજના કોઈપણ કર્મચારી કે અધિકારી પાસે ચાવી મળી ન હતી. પરિણામે કોલેજના દૈનિક વહીવટી કામકાજમાં અવરોધ ઊભો થયો છે. મહત્વની બાબત એ છે કે પ્રિન્સિપાલની ઓફિસમાં કોલેજના સીસીટીવી કેમેરાનું મોનિટરિંગ સિસ્ટમ તેમજ અનેક મહત્વના સરકારી દસ્તાવેજો રાખવામાં આવ્યા છે. ઓફિસ બંધ રહેતાં આ તમામ કામગીરી પર અસર પડી રહી છે અને સ્ટાફ તેમજ મુલાકાતીઓને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ સમગ્ર મામલે નવી સિવિલ હોસ્પિટલના ઉચ્ચ અધિકારીઓને મૌખિત જાણ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

SBIથી સાગર હોટલ તરફનો રોડ ખુલ્લો કરવા માંગ

અહીં મેટ્રોનું કામ પતી ગયું છે, ફક્ત વાહનો પાર્ક કરવામાં આવે છે

સુરતઃ સુરત શહેરમાં ચાલી રહેલી મેટ્રો રેલની કામગીરીને કારણે લાંબા સમયથી બંધ રહેલા રસ્તાઓને લીધે વાહનચાલકો અને સ્થાનિક રહીશો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. ખાસ કરીને ચોક બજાર ખાતે આવેલી એસ.બી. આઈ. બેન્કથી લઈને લાલા લજપતરાય ગાર્ડન તરફનો ગાંધી માર્ગ મેટ્રો પ્રોજેક્ટના લીધે લાંબા સમયથી બંધ રાખવામાં આવ્યો છે. હાલમાં આ માર્ગ પર મેટ્રોની મુખ્ય કામગીરી પૂર્ણ થઈ ગઈ હોવાનું દેખાઈ રહ્યું હોવાથી, આ રસ્તો જાહેર જનતા માટે ફરીથી ખુલ્લો મૂકવામાં આવે તેવી માંગ ઉઠી છે.

આ બાબતે સુરતના એડવોકેટ કૌશિક એન. રાણા દ્વારા મનપા કમિશનર તેમજ ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશનના ચીફ જનરલ મેનેજરને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે.

મનપા કમિશનર અને મેટ્રોના ઉચ્ચ અધિકારીઓને કરાયેલી રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે કે, ચોક બજારથી ગાંધી બાગ સુધીનો આ રોડ સોનીફળિયા, ગોપીપુરા, અંબાજી રોડ, બાલાજી રોડ અને વાડીફળિયા સહિતના અનેક વિસ્તારોને જોડતો મુખ્ય માર્ગ છે, જ્યાંથી રોજ હજારો નાગરિકો અવરજવર કરે છે. આ રસ્તો બંધ હોવાના કારણે લોકોને જૂની સિવિલ હોસ્પિટલ તરફના સાંકડા રસ્તા પરથી ફરજિયાત રોંગ સાઈડમાં પસાર થવું પડે છે.

આ ન ા લીધે ત્યાં સતત ટ્રાફિક જામ સર્જાય છે અને અકસ્માતનો ભય રહે છે. આ પરિસ્થિતિના કારણે મહિલાઓ, વૃદ્ધો, વિદ્યાર્થીઓ અને સ્થાનિક વેપારીઓ ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. તેથી, મેટ્રોની મુખ્ય કામગીરી પૂરી થઈ ગઈ હોવાથી વહીવટી તંત્ર દ્વારા સ્થળ તપાસ કરીને જરૂરી સુરક્ષા વ્યવસ્થા સાથે આ માર્ગ તાત્કાલિક ખુલ્લો કરવામાં આવે તેવી અપીલ કરવામાં આવી છે.

લિંબાયતની હદના ૧૪ રીઢા ગુનેગાર પાસા હેઠળ જેલમાં

એક સાથે 14 રીઢા ગુનેગાર પાસામાં ધકેલાતા ફફડાટ

સુરતઃ લિંબાયત પોલીસ મથકની હદમાં મે-૨૦૨૬ દરમિયાન શરીર સંબંધી (મારામારી), મિલકત સંબંધી (સ્નેચિંગ, ચોરી), પ્રોહિબિશન તેમજ મહિલાઓની છેડતી જેવા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા ઇસમોની યાદી તૈયાર કરવામાં આવી હતી. આવા રીઢા ગુનેગારો ગુના કરવાની ટેવવાળા હોય, તેમના પર અંકુશ લાવવા માટે કાયદાકીય સકંજો કસવાનું શરૂ કર્યું હતું. આ ટીમના નિર્દેશન હેઠળ આસિસ્ટન્ટ હેડ કોન્સ્ટેબલ જબરસિંહ જેસંગજીએ ૧૪ અસામાજિક તત્વો વિરુદ્ધ પાસાની દરખાસ્તો તૈયાર કરી પોલીસ કમિશનર કચેરી ખાતે મોકલી આપી હતી. સુરત પોલીસ કમિશનર દ્વારા ગુનાખોરી ડામવાના આ આકરા અભિગમને ધ્યાને રાખી તમામ ૧૪ પાસા દરખાસ્તોને તાત્કાલિક મંજૂરી આપી પાસા વરંટ ઈશ્યૂ કર્યા હતા. લિંબાયત પોલીસે આ હુકમની બજવણી કરી તમામ આરોપીઓની અટકાયત કરી ગુજરાતની અલગ-અલગ જેલો તરફ રવાના કરી દીધા છે.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

ભેસ્તાન શાખા : દુકાન નં.૧ થી ૩, સાંઈ સ્કવેર બિલ્ડીંગ, ઉધના નવસારી રોડ, ભેસ્તાન, સુરત Email : dbbhes@bankofbaroda.com

કબજા નોટીસ(સ્થાયી મિલકત માટે)[સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨]ના[રૂલ ૮(૧) હેઠળ]

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા**ના અધિકૃત અધિકારીએ સિકયુરાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ હેઠળ તેમને મળેલ સત્તા દ્વારા **તા.૧૬.૦૩.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/ગીરવેદાર **શ્રી આશિષ નરેન્દ્ર સીંગ (દેવાદાર અને ગીરવેદાર), અને શ્રીમતી અમીતા આશિષ સીંગ (સહદેવાદાર અને ગીરવેદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૬,૫૭,૮૩૯.૧૧ (રૂપિયા છ લાખ સત્તાવન હજાર આઠસો ઓગણચાલીસ અને અગિયાર પૈસા પુરા) વત્તા વધારાનું વ્યાજ અને અન્ય ચાર્જીસ** સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/જામીનદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ ૪ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તા. ૦૩જી જુન સન ૨૦૨૬** ના રોજ આ મિલકતનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા** ની રકમ **રૂા.૬,૫૭,૮૩૯.૧૧/– વત્તા વધારાનું વ્યાજ** અને અન્ય ચાર્જીસ ને આધિન રહેશે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્વર્ન વિલા રેસીડેન્સી પ્લોટ નં. ૯૪/બી માપ ૪૨.૩૮ ચો.મી વણવહેચાયેલ હિસ્સા રોડ અને સી.ઓ.પી ની જમીન નો બ્લોક નં.૪, રેવન્યુ સર્વે નં.૪/૧, ૪/૨, ૪/૩, ૪/૪, ૪/૫ અને ૧૩/૧ માપ ૨૧૭૬૨ ચો.મી. મોજે ગામ. કારેલી, સબડિસ્ટ્રીકટ. તાલુકા. પલસાણા, જી. સુરત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા **(વેચાણ દસ્તાવેજ મુજબ) : પૂર્વ તરફ** : જોડેની સોસાયટી રોડ **પશ્ચિમ તરફ** : જોડેનો પ્લોટ નં. ૯૯/બી, **ઉત્તર તરફ** : જોડેનો પ્લોટ નં. ૯૫/બી, **દક્ષિણ તરફ** : જોડેનો પ્લોટ નં. ૯૩/બી આવેલ છે.

તા. ૦૩/૦૬/૨૦૨૬, સ્થળ : સુરત **અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા,ભેસ્તાન શાખા.**

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

પુણા કુંભારીયા શાખા : પ્લોટ નં. ૧૨–૧૩, ટાટા મોટર્સ ઓટો પોઈન્ટ નજીક, મુ.મગોબ, તા.ચોર્યાસી, જી.સુરત–૩૯૫૦૧૦ ફોન : ૦૨૬૧–૨૬૪૦૦૨૯, ૨૬૪૦૦૩૦ Email : punsur@bankofbaroda.com

પરિશિષ્ટ–૪ (જુઓ રૂલ ૮(૧)કબજા નોટીસ (સ્થાયી મિલકત)

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા**, ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૪.૧૧.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર **શ્રી ડાલારામ આસુજી રબારી (દેવાદાર) શ્રીમતી ચાગણી ધલારામ રબારી (સહ–દેવાદાર), શ્રી લાબુરામ આશુજી રબારી (જામીનદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૩,૮૧,૦૨૯.૯૨/–તા. ૧૧/૧૧/૨૦૨૫ ના રોજના + તેના પર લાગુ નહી કરેલ વ્યાજ + કાનુની અને ખર્ચાઓ** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ એકટની પેટા કલમ (૪) સિકયુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તારીખ ૦૧લી જુન સન ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા પુણાકુંભારીયા શાખા** ની રકમ **રૂા.૧૩,૮૧,૦૨૯.૯૨/–તા. ૧૧/૧૧/૨૦૨૫ ના રોજના + તેના પર લાગુ નહી કરેલ વ્યાજ + કાનુની અને ખર્ચાઓ** ને આધિન રહેશે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને કલમ ૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે ‘ શ્રી દર્શન બંગ્લોઝ’ તરીકે ઓળખાતી રેસીડન્સી નો પ્લોટ નં.૩૬(નવો પ્લોટ નં. ૩૬) આશરે માપ ૭૪.૩૧ ચો.મી વણવહેચાયેલ હિસ્સાજમીન આશરે માપ ૪૬.૭૮ ચો.મી રોડ, માર્જીન અને સીઓપી વગેરે સાથે જમીનનો રેવન્યુ સર્વે નં.૨૦૦/૧, બ્લોક નં. ૧૮૭, મોજે ગામ. દેવધ, તાલુકા સીટી, જી. સુરત ખાતે શ્રી ડલારામ આશુજી રબારી અને શ્રીમતી ચાગણી ધલારામ રબારી ની માલિકીની આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : રોડ, **પશ્ચિમ તરફ** : પ્લોટ નં.૨૩, **ઉત્તર તરફ** : પ્લોટ નં.૩૭, **દક્ષિણ તરફ** : પ્લોટ નં.૩૫

તા.૦૧.૦૬.૨૦૨૬ । સ્થળ : સુરત **અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, પુણા કુંભારીયા શાખા**

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

અઠવાલાઈન્સ શાખા : જવાહરલાલ નહેરૂ માર્ગ, અઠવાગેટ પાસે, સુરત ફોન : ૦૨૬૧–૨૬૬૦૧૩૮, ૨૬૬૭૩૫૧, ૨૬૬૯૫૬૫, ૨૬૫૫૨૦૭, E-Mail Id : athwal@bankofbaroda.co.in

સરફેસી એકટ, ૨૦૦૨ ના સેકશન ૧૩ ના સબ–સેકશન (૨) હેઠળ દેવાદારને નોટીસ

પ્રતિ, **શ્રી અમર અરૂણભાઈ રાઠોડ (દેવાદાર અને ગીરવેદાર)**
૨. શ્રીમતી શીતલ અમર રાઠોડ (સહદેવાદાર)
અ) એ–૨૧, ૨૩૮, કોસાડ, ઈ ડબ્લ્યુ એસ એચ ૩, કોસાડ આવાસ, સુરત– ૩૯૪૧૦૭.
બ) પ્લોટ નં. ૨૩૩, ક્રિષ્ણા રેસીડન્સી, અટોદરા, ઓલપાડ, સુરત– ૩૯૪૧૩૦.
અને રહેઠાણનો પ્લોટ નં. ૨૩૩, બ્લોક નં.૪૯, અટોદરા ગામ, તા. ઓલપાડ, જી. સુરત

મહેરબાનશ્રી,
વિષય : અમારી અઠવાલાઈન્સ શાખા, માંથી મેળવેલ ક્રેડીટ સુવિધાઓ.

૧. અમારા **તા.૦૪.૦૫.૨૦૨૩** ના રોજના પત્ર ક્રમાંક **Retail-00001856894-LMS** માં જણાવ્યા મુજબ બેંકની બાકી અંગે ના સંદર્ભમાં તમારી ક્રેડીટ સુવિધાઓની મંજુરી અને મંજુરીની શરતો જણાવતા ઉપરોકત મંજુરીને અનુલક્ષીને તમારા દ્વારા જરૂરી સીકયુરીટી પુરી પાડીને ક્રેડીટ સુવિધાઓનો લાભ લેવામાં આવ્યો છે અને તેનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે. વિવિધ લોન/ક્રેડીટ સુવિધા ખાતાઓમાં અને સીકયુરીટી ઈન્ટરેસ્ટની બાકી વિગત નીચે મુજબ છે.

સુવિધાનો પ્રકાર	લીમીટ	વ્યાજનો દર(હાલનો)	૦૯.૦૫.૨૦૨૬ ના રોજની બાકી	કરાર સહિત સુરક્ષિત કરેલ મિલકતની વિગત
બરોડા ટર્મ લોન ખાતા નં. ૦૨૫૮૦ ૬૦૦૦૦ ૫૩૭૦	રૂા. ૧૨.૫૦ લાખ	વાર્ષિક ૮.૩૫% + ૨% (પેનલ વ્યાજ)	રૂા.૧૧,૩૨,૬૧૨.૦૦ મુળ રકમ + લાગુ નહીં કરેલ વ્યાજ + રૂા. ૩૦,૯૪૮.૮૮ અનસર્વિસ્ડ વ્યાજ + ચક્રવૃદ્ધિ વ્યાજ = રૂા.૧૧,૬૩,૫૬૦.૫૫ + વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ	ઈકવીટેબલ મોર્ગેજ કરેલ પ્લોટ નં.૨૩૩, ક્રિષ્ણા રેસીડન્સી, અટોદરા, ઓલપાડ સુરત. રજીસ્ટ્રર્ડ કચેરી સુરત ખાતે ટાઈટલ ડિડ ઈન્સ્ટ્રુમેન્ટ ડિપોઝીટ રજીસ્ટર નંબર. ૧૬૦૮૬ તા.૦૬.૦૯.૨૦૨૩ થી સબ રજીસ્ટ્રાર કચેરી ઓલપાડ, જી.સુરત, ખાતે નોંધણી કરેલ છે.
કુલ	રૂા. ૧૨.૫૦ લાખ		રૂા.૧૧,૬૩,૫૬૦.૮૮ +વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ	

સુરક્ષીત મિલકત નું વર્ણન : તમામ હક, હિત અને સંબંધ ધરાવતી સ્થાયી મિલકત કે જે ‘ક્રિષ્ણા રેસીડન્સી’ નો પ્લોટ નં. ૨૩૩, માપ ૫૩.૩૩ ચો.વાર એટલે ૪૪.૫૯ ચો.મી (પાસિંગ પ્લાન મુજબ માપ ૪૪.૬૫ ચો.મી), જમીન બ્લોક નં. ૪૯, માપ ૩૩૧૮૪ ચો.મી ગામ. અટોદરા, તા. ઓલપાડ, જી. સુરત, ખાતે આવેલ છે. જેની ચર્તુદિશાઃ **પુર્વેઃ** જોડેનો પ્લોટ નં. ૨૫૬, **પશ્ચિમેઃ** જોડેનો રોડ, **ઉત્તરેઃ** જોડેનો પ્લોટ નં. ૨૩૨, **દક્ષિણેઃ** જોડેનો પ્લોટ નં. ૨૩૪.

૨) **તા. ૦૪.૦૫.૨૦૨૩ ના રોજ** બેંક પ્રત્યેની તમારી જવાબદારી **રૂા.૧૨.૫૦ લાખ** ની અને બેંક ગાઈડલાઈન મુજબ અન્ય બેંક ચાર્જીસ સ્વીકાર છે. ૩) તમે જાણો છો કે **જુન– ૨૦૨૬** તમે ઉપરોકત લોન / બાકી રકમના વ્યાજની ચુકવણી કરવામાં કસુર કરેલ છે. તમે **તા.૧૦.૦૨.૨૦૨૬** ના રોજ અને ત્યાર બાદ ચુકવણીમાં કસુર કરેલ છે. ૪) તમે કરેલ કસુર બદલ તમારો લોન એકાઉન્ટ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની જોગવાઈ મુજબ **તા.૧૧.૦૫.૨૦૨૬** ના રોજ નોન–પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત થયેલ છે. અમે વાંરવાર વિનંતી કરી છતાં તમે તમારી મુદતવીતી લોન અને તેના પરના વ્યાજ, ચુકવ્યા નથી. ૫) લોન સવલત પ્રત્યેની તમારી જવાબદારી અદા કરવામાં તમે કસુરવાર થયા છો નિષ્ફળ ગયા છો. ઉપરના પેરા–૧ માં જણાવેલ મિલકતો તમે ગીરો મુકેલ છે. જામીન સ્વરૂપે અને લોન ખાતું નોન–પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત થયેલ છે. આથી નોટીસ આપીએ છીએ કે સિકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ એન્ડ ઈન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩ ની પેટા કલમ (૨) મુજબ નોટીસ આપી તમને પુરેપુરી રકમ જમા કરાવી બેંક પ્રત્યેની **રૂા.૧૧,૬૩,૫૬૦.૮૮/– (અંકે રૂા.અગિયાર લાખ ત્રેસઠ હજાર પાંચસો સાઈઠ અને અઠયાસી પૈસા પુરા) + વધારાનુ વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** ની જવાબદારી મુજબ નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા તમને જણાવાય છે. જણાવેલ તા. સુધીમાં તમામ બાકી રકમ વ્યાજ સાથે નહીં ચુકવો તો કથીત એક્ટની કલમ ૧૩ ની પેટા કલમ (૪) મુજબ વધુ કાર્યવાહી થશે. ૬) કૃપા કરી નોંધ લેશો, દરેક ઋણ સુવિધા માટે પેરા–૧ માં જણાવ્યા પ્રમાણેના દરેક વ્યાજ ચડવાનું ચાલુ રહેશે. ૭) તમારૂ ધ્યાન આ ધારાની પેટા કલમ–૧૩ તરફ દોરીએ છીએ જેની પરિભાષામાં પેરા–૧ માં જણાવેલ મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.(સામાન્યા ધંધાકીય કામકાજ સિવાય) વધુમાં અમે એ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) પ્રમાણે જોગવાઈઓનું પાલન ન કરવું આ ધારાની ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે. ૮) **વધુમાં અમે ધારા ૧૩ની પેટા ધારા ૮ મુજબ જો તમે બેંક ની બાકી રકમ વ્યાજ અને ખર્ચાઓ સહિત ચુકવી દઈ સુરક્ષિત કરેલ મિલકત–જાહેર હરાજી/ભાવપત્રક/ટેન્ડર/ખાનગી રીતે વેચાણ કરવા અંગેની નોટીસ પ્રસિદ્ધ થયા પહેલા છોડાવી શકો છો. મહેરબાની કરી નોંધ લેશો કે નોટીસની પ્રસિદ્ધિ પછી તમારો મિલકત છોડાવવાનો હકક પ્રાપ્ત થશે નહી.** ૯) કૃપા કરીને નોંધ લેશો કે આ નોટીસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તેથી કોઈ છુટ રાહત કે છુટછાટ કયાંય પણ કોઈ રીતે મળશે નહીં. વધુ માંગણી માટેનો અમારો અધિકાર અબાધીત છે.

તા.૧૨.૦૫.૨૦૨૬ । સ્થળ : સુરત **અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, અઠવાલાઈન્સ શાખા.**

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

દિહેણ શાખા : દિહેણ પીંજરત રોડ, મુ.પો.દિહેણ, તા.ઓલપાડ, જી.સુરત, ગુજરાત–૩૯૪૧૩૦ફોનં : ૮૯૮૦૦૨૬૬૨૭ email :dihen@bankofbaroda.com

કબજા નોટીસ (કલમ ૧૩(૪) હેઠળ સ્થાયી મિલકત માટે)[સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨ના (રૂલ ૮(૧)]

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિકયુરાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૦૭.૦૧.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર અને ગીરવેદાર **શ્રી નિમ્બારામ બલ્લુજી દેવાસી (દેવાદાર) અને શ્રીમતી ભવરી દેવી નિમ્બા રામ (સહ–દેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૯,૩૬,૪૬૦.૭૩/– (રૂપિયા નવ લાખ છત્રીસ હજાર ચારસો સાઈઠ અને તોત્તેર પૈસા પુરા) વત્તા વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૦૫ મી જુન ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા**,ની રકમ **રૂા.૯,૩૬,૪૬૦.૭૩** વત્તા વ્યાજ અન્ય ચાર્જીસને આધિન રહેશે.

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત ‘વાસ્તુપૂજા રેસીડેન્સી’, નો પ્લોટ નં.૨૦૨, આશરે માપ ૪૦.૧૩ ચો.મી (કેજેપી મુજબ બ્લોક નં. ૪૪૯/૨૦૨ માપ આશરે ૪૦.૧૮ ચો.મીટર) જમીન રે. સ. નં. ૩૫૪, બ્લોક નં. ૪૪૯ (નવો બ્લોક નં. ૫૦૩), ગામ.હલધરૂ, તા. કામરેજ, સુરત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : પ્લોટ નં. ૨૨૭, **પશ્ચિમ તરફ** : સોસાયટી રોડ, **ઉત્તર તરફ** : પ્લોટ નં. ૨૦૧, **દક્ષિણ તરફ** : પ્લોટ નં. ૨૦૩ આવેલ છે.

તા. ૦૫/૦૬/૨૦૨૬ । સ્થળ : સુરત **અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, દિહેણ શાખા**

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

એમએસએમઈ શાખા : જી–૧/બી અને ૧/એ, સુરાના ઈન્ટરનેશનલ, સહારા દરવાજા, રીંગ રોડ, સુરત–૩૯૫૦૦૨ email id :vjmsur@bankofbaroda.com

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)[સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨] ના (રૂલ ૮(૧) હેઠળ

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિકયુરાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૭.૦૨.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/જામીનદાર **શ્રી વિષ્ણુ પ્રભાતભાઈ દેસાઈ (દેવાદાર) અને શ્રીમતી ભીખીબેન પ્રભાતભાઈ દેસાઈ (સહદેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૩,૮૦,૧૮૨.૯૪/– (રૂા. તેર લાખ એંશી હજાર એકસો બ્યાસી અને ચોરાણું પૈસા પુરા) વત્તા લાગુ નહી કરેલ વ્યાજ અને અન્ય ચાર્જીસ** સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો/જામીનદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૦૪થી જુન ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા**,ની રકમ **રૂા.૧૩,૮૦,૧૮૨.૯૪** વત્તા લાગુ નહી કરેલ વ્યાજ અન્ય ચાર્જીસને આધિન રહેશે.

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે આદર્શકુંજ સોસાયટી નો પ્લોટ નં. ૫૪ માપ પોહળો ૧૨ ફુટ. × ૪૦ ફુટ લાંબો એટલે ૪૮૦.૦૦ ચો.ફુટ બરાબર ૪૪.૫૯ ચો.મી પ્રમાણસર વણવહેચાય હિસ્સા માપ ૧૮.૧૪ ચો.મીટર, સીઓપી જમીન નો રેવન્યુ સર્વે નં.૧૩૭, બ્લોક નં.૧૩૬, ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં. ૬૧ (પરવત–ગોડાદરા), ઓ.પી.નં.૧૨૭, એફ.પી.નં.૧૨૭ માપ ૮૯૦૩૦.૦૦ ચો.મીટર ગામ ગોડાદરા, સબ ડિસ્ટ્રીકટ સુરત સીટી, જી. સુરત ખાતે આવેલ છે જેની ચતુર્દિશા : **પુર્વ તરફ** : જોડેની સોસાયટી નો રોડ, **પશ્ચિમ તરફ** : જોડેનો પ્લોટ નં.૧૨૧ **ઉત્તર તરફ** : જોડેના પ્લોટ નં.૫૩, **દક્ષિણ તરફ** : જોડનો પ્લોટ નં.૫૫

તા. ૦૪/૦૬/૨૦૨૬ । સ્થળ : સુરત **અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, એમએસએમઈ શાખા**